# મેઘરજની હોસ્પિટલોમાં બે પ્રસૂતાના અવસાનથી પરિવારજનોમાં આક્રોશ

અરવલ્લી જીલ્લામાં ૨૪ કલાકના સમયગાળામાં તબીબોની બેદરકારીના પગલે બે પ્રસૂતાના મોત નિપજ્યા હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. મેઘરજની નવજીવન હોસ્પિટલમાં રેલ્યો ગામની આઠ માસનો ગર્ભ ધરાવતી ગર્ભવતી મહિલા સારવાર અર્થે દાખલ થતા જન્મ બાદ મહિલાની તબિયત લથડતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડાતા મહિલાનું મોત નિપજતા પરિવારજનોએ સાર્વજનિક હોસ્પિટલના તબીબોની ઓપરેશનમાં બેદરકારીના પગલે મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કરતા ભારે ચકચાર મચી હતી. તબીબે મહિલાને મોત નીપજ્યું હોવાનું જણાવતા પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો હતો અને તબીબો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમા ધનસુરાના રૂપણ ગામની ગર્ભવતી મહિલાને પ્રસુતિ



સારવાર દરમિયાન તબિયત લથડતા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાનું જણાવતા લઈ પહોંચતા ફરાજ પરના તબીબે મહિલા મૃત્યુ પામી હોવાનું જણાવતા પરિવારજનોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને મૃતદેહને મેઘરજની નવજીવન હોસ્પિટલમાં રાખી દઈ વિરોધ નોંધાવી મેઘરજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં રૂપણ ગામની પ્રસૂતા મહિલાનું ઓપરેશન કરી બાળકીનો

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજના બેલ્યો ગામની ગર્ભવતી ભુરીબેન ઈશ્વરભાઈ તબિયાડ (ઉં.વર્ષ-૨૮) તાવ આવતા મેઘરજની નવજીવન હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા તબીબ દિપક.આર. ખીલવાણી, ડૉ.દિનકર પંચાલ, ડૉ. બિનલ પંચાલે સઘન સારવાર હાથ ધર્યા બાદ તબિયત લથડતા તબીબે મહિલાને સાર્વજનિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવાનું જણાવતા પરિવારજનોએ ઍમ્બ્યુલન્સ મારફતે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના માટે પરિવારજનો લઈને આવ્યા હતા ફરજ પરના તબીબોએ ઓપરેશન કરી બાળકીને જન્મ આપ્યો હતો ત્યાર બાદ મહિલાની એકાએક તબિયત લથડતા અમદાવાદ ખસેડવાનું જણાવતા મહિલાને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારજનોએ સરવારજનિક હોસ્પિટલના તબીબોની બેદરકારીના લીધે મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કરી બેદરકારી દાખવનાર તબીબો સામે પગલાં ભરવા માંગ કરી હતી.

## ખેડબ્રહ્મા ડેપોમાંથી ઉપડતી ગાડીઓ ઉન્ડવા ઉભી ન રહેતા પ્રજા પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા શહેરમાં એસ ટીડેપોની સેવાઓ દિવસે કથળી રહીં છે. ખેડબ્રહ્મા શહેરમાંમાંથી ઉપડતી બસો ખેડબ્રહ્મા ઉન્ડવા પીકઅપ સ્ટેન્ડ પર ઊભી ન રહેતી હોવાનાં કારણે પ્રજાને પ્રાઈવેટ વાહનોનો સહારો લેવો પડે છે. ખેડબ્રહ્મા શહેરમાં હાલમાં મુસાફરોનો ધસારો જોવા મળે છે. આસપાસમાં ચાર પાંચ સોસાયટીઓ આવેલ છે ત્યાં મુસાફરો ઉભા રહે છે. તેઓ બસની રાહ જોઈ ઉભાં રહે છે જ્યારે આવનારી બસો ઊભી ન રહેતા મુસાફરોએ ન નછુટકે ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે જેના કારણે ધણી વખત મુસાફરોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. જ્યારે નગરપાલિકાન દ્વારા અહીં પીકઅપ સ્ટેન્ડની ફાળવણી કરી સ્ટેન્ડ બનાવી આપવામાં આવ્યુ છે. અહીંના સ્થાનિકોની લાગણી છે કે અહીંયાથી નિકળતી બસો અહીંયા ઉભી રહે. લાગતાં વળગતાં અધીકારી નોંધ લઈ ઘટતુ કરે તેવું શહેરની પ્રજા ઈચ્છી રહી છે.

## અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીની પ્રદેશ મંત્રી અને ઉદેપુરના પ્રભારી તરીકે નિમણુંક

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જીલ્લા પંચાયત સદસ્ય રાજેન્દ્ર પારધીને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ઉદેપુર જીલ્લાના પ્રભારી તરીકે નિમણુંક કરવાની સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સંગઠનના નવા માળખામાં પ્રદેશ મંત્રી તરીકે નિમણુંક થતા અરવલ્લી જીલ્લા સહીત કોંગી વર્તુળમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

રાજેન્દ્ર પારધીએ એન.એસ.યુ.આઈ.થી લઈ યુથ કોંગ્રેસ પ્રમુખ તરીકે સફળ કામગીરી અને અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સંગઠનમાં બુથ લેવલથી લઈને અનેક મહત્વની જવાબદારી અદા કર્યા બાદ અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ તરીકે અઢી વર્ષના સમય દરમિયાન જીલ્લાના વિકાસ અને છેવાડાના માનવી સુધી સહાય પુરી પડી કોંગ્રેસની લોક ચાહના પ્રબળ બનાવનાર અને તેમની સુઝબુઝ અને આવડતના



લીધે સંગઠન મજબૂત બનાવનાર અને ત્રણે વિધાનસભામાં કોંગ્રેસના વિજયમાં મહત્વની જવાબારી સંભાળતા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીમાં ઉદેપુર જીલ્લાના પ્રભારી અને પ્રદેશ મંત્રી તરીકે રાહુલ ગાંધી અને સમિતિ દ્વારા વિશ્વાસ દાખવતા મહત્વની જવાબદારી સોંપાતા અરવલ્લી જીલ્લા કોંગ્રેસ વર્તુળમાં આનંદ છવાયો હતો.

# પ્રાંતિજમાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણી કરાઈ

### મુસ્લિમ વિસ્તારો મસ્જીદો રોશનીથી શણગારવામાં આવ્યાં : ઈદે મિલાદ પર્વ નિમિત્તે પ્રાંતિજના વિસ્તારોમાંથી શાંતિ-શિસ્ત રીતે ઝુલુસ નિકળ્યું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઈસ્લામ ધર્મના



સ્થાપક હઝરત મંહમ્બદ પયગમ્બર સાહેબ ના જન્મ દિનની ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં અને મુસ્લિમ બિરાદરો અને ઝુલુસ કમીટી દ્વારા પ્રાંતિજ ના મુસ્લિમ વિસ્તારો સહિત બજારમાં જુલુસ કાઢવામાં આવ્યું હતું.

પ્રાંતિજમાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં બે દિવસ પહેલાંથી જ મુસ્લિમ વિસ્તારોમાં તથા મસ્જીદો ઉપર રંગબેરંગી રોશની કરવામાં આવી હતી અને ઠેર-ઠેર પાણીની પરબ તથા દુધની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈદે મિલાદ પર્વ નિમિત્તે બારકોડ, પઠાવાડા, સુમરવાસ વગેરે વિસ્તારોમાંથી મુસ્લિમ બિરાદરો તથા ઝુલુસ કમીટી દ્વારા પ્રાંતિજ ના વિવિધ વિસ્તારોમાં જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં એકતા શાંતિ અને ભાઈચારો બની રહે તે માટે મુસ્લીમ બિરાદરો દ્વારા અલ્લાહને દુઆઓ કરવામાં આવી હતી અને શાંતિ-શિસ્ત રીતે પ્રાંતિજના વિવિધ માર્ગો ઉપરથી શાંતિપૂર્વક જુલુસ પસાર થયું હતું. જયારે જુલુસના માર્ગો ઉપર ધર્મપ્રેમી લોકો દ્વારા દુધ કોલ્ડીંગ, આઈસ્ક્રીમ, ઠંડા પીણા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રાંતિજ પીઆઈ કે.બી. પટેલ દ્વારા પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બદોબદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.



### પ્રાંતિજ ખાતે ગુજરાત ગૌ ક્રાંતિ સાયકલ યાત્રાનું સ્વાગત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાવનાગરથી નિકળેલ ગુજરાત ગૌ કાંતિ સાયકલ યાત્રા નું પ્રાંતિજ માં સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાવનાગરથી ૮૦૦૦ કિલોમીટરનું અંતર કાપી ત્રણ સાઈકલ સવારો પ્રાંતિજ આવતા પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે મગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનું ગૌશાળા મહંત શ્રી સુનિલદાસજી મહારાજ, અલ્પેશભાઈ રાવલ, જી એસ પટેલ, મનુભાઈ પટેલ ઉપસ્થિત રહી ને ગુજરાત ગૌ કાંતિ સાયકલ યાત્રા નું સ્વાગત કરવામાં આવ્યું હતું તો ભાવનાગરથી નિકળેલ યાત્રા પ્રાંતિજ ખાતે આવી પહોચી હતી. તો યાત્રા ૩૩ જિલ્લાઓમાં ફરી કલેકટરશ્રીઓને આવેદનપત્ર આપશે. જેમાં અત્યાર સુધીમાં ૧૫ જિલ્લાઓમાં કલેકટરશ્રીઓને આવેદનપત્ર આપીને પ્રાંતિજ ખાતે પહોચતા સ્વાગત કરવામાં આવ્યું હતું તો યાત્રાનો મુખ્ય હેતુ ગૌ માતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવા, ગુજરાત રાજયને ગૌ હત્યા મુક્ત કરવા અને ગોચર જમીન ઉપર થયેલ દબાણો દુર કરવા સહિતની મુખ્ય ત્રણ માંગણીઓ સાથે ગુજરાત ગૌ કાંતિ સાયકલ યાત્રા નિકળી છે.

# અરવલ્લી જિલ્લા પોલીસે અપહરણ કરાયેલ ૧૦ વર્ષીય બાળકને હેમખેમ છોડાવ્યો

મોડાસા, તા. ૨૧

જીલ્લા પોલીસવડા મયુર પાટીલની સતર્કતાના પગલે અંગત અદાવતમાં એક પરિવારના ત્યાં નોકરી કરતાં ડ્રાઈવરે અપહરણ કરી લકઝરીમાં સીટ નીચે સંતાડી રાખેલ બાળકને મોડાસાની રાણાસૈયદ ચોકડી નજીક બચાવ્યો.



અમદાવાદના મેઘાણીનગરમાં આવેલી પાંચ તલાવડા સોસાયટીમાં ભવરલાલ નંદલાલ શર્મા પરિવાર સાથે રહે છે. તેમના ૧૦ વર્ષના પુત્ર આર્યન ઉર્ફે લક્કીનું તેના જ ઘર બહારથી જ અપહરણ કરવામાં આવ્યું હતું. આર્યન ઘરમાં પરત ન ફરતા માતા-પિતાએ તેની શોધખોળ શરૂ કરી દીધી હતી. પુત્ર ન મળતા પિતાએ ક્રાઈમ બ્રાન્ચમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. બાળકના અપહરણની ગંભીરતા પગલે સમગ્ર ગુજરાતમાં એલર્ટ આપવામાં આવ્યું હતું. અપહરણકર્તા અગાઉ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોવાની માહિતી અને રાજસ્થાન તરફ લઈ જવાની શક્યતાના પગલે અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલનીના માર્ગદર્શન હેઠળ વાહન ચેકીંગ, નાકાબંધી અને કોમ્બિંગ હાથ ધરાતા મોડાસાની રાણાસૈયદ ચોકડી નજીક લકઝરી બસમાં સીટની નીચે બેસાડેલ મળી આવ્યો હતો. અપહરણ કરનાર ડ્રાઈવર પ્રહલાદ જાટ ઉર્ફે સરદાર અંધારાનો લાભ લઈ નાસી છૂટતા સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું. અપહત્ય બાળકને પરિવાર સાથે મીલન કરાવ્યું હતું.



અમદાવાદના મેઘાણીનગરમાંથી ૧૦ વર્ષીય બાળકનું અપહરણ થતા ભારે ચકચાર મચી હતી. બાળકના અપહરણની માહિતી અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલને મળતા જીલ્લા પોલીસવડાએ સમગ્ર જીલ્લામાં નાકાબંધી અને વાહનચેકીંગના આદેશના પગલે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જીલ્લા એલ.સી.બી. પી.આઈ નાગજી રબારી અને ટાઉન પી.આઈ. પી.ડી. દરજી અને તેમની ટીમે રાણાસૈયદ ચોકડી નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં અમદાવાદ તરફથી આવતી લકઝરી બસ (ગાડી.નં.આર.જે.૨૭ પી.સી. ૦૦૩૦ )માં તલાશી હાથ ધરતાં સીટ નીચે બેસાડેલ મળી આવતા અપહત્ય બાળકને હેમખેમ બચાવી લેવામાં સફળતા મળી હતી. અપહરણ કરનાર આરોપી ડ્રાઈવર પ્રહલાદ જાટ ઉર્ફે સરદાર અગાઉ વાહન ચેકીંગ જોઈ લકઝરી બસમાંથી ઉતારી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. અપહત્ય બાળકને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ટીમને સોંપી દીધો હતો.

## કોડીયાવાડાની મહિલાને ત્રાસ અપાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૧

વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામની મહિલાને તેના પતિ દ્વારા છેલ્લા છ માસથી દહેજ બાબતે શારિરીક અને માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી અપાતા આ મહિલાએ પતિ વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મેઘરજ પોલીસે પંચવટી સોસાયટી પાછળ નદીના પટમાં જુગાર રમાતા ૭ શકુનિઓ દબોચ્યા

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં જુગાર અને દારૂ ની બદીએ માજા મુકતા જિલ્લા પોલીસવડા મયુર પાટિલના કાને વાત પહોંચતા મેઘરજ નગરમાં ચોરી છુપે થી જુગાર રમતા અને રમાડતા શખ્શો સામે કડક કાર્યવાહીના આદેશ આપતા મેઘરજ પોલીસે પંચવટી સોસાયટી પાછળના ભાગે નદીના કિનારે ખુલ્લામાં હાર જીતની બાજી મંદીને બેઠેલા ૭ જુગારીઓને દબોચી લઈ જુગારીઓ પાસેથી રૂ.૬૧૧૭૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ફોજદાર શર્મા અને તેમની ટીમે પંચવટી સોસાયટી પાછળ નદીના કિનારે ખુલ્લામાં જુગાર રમતા (૧) મુસ્તાક યુનુસ મેઘરજીયા (૨) ભીખાભાઈ ગુલામહુસેન ભાયલા (૩) ઉસ્માનગની મુસાભાઈ બંગા (૪) રહીશભાઈ મલિક મહંમદ મકરાણી (૫) લાલાભાઈ મહોમ્મદભાઈ બાકરોલીયા (૬) સોહીલ ઈબ્રાહીમભાઈ પટેલ (૭) મોં. ઈરફાન ઉસ્માનભાઈ કાજી (તમામ રહે, મેઘરજ)ને જુગાર રમતા ઝડપી રોકડ રકમ સામે જુગારધારા કલમ-૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



### ધાનેરા ઈદ એ મિલાદની ભવ્ય ઉજવણી : સુન્ની મસ્જિદથી જુલુસ નીકળ્યું

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માં ઈદ એ મિલાદુન નબ્બી નિમિતે ધાનેરા માં ભવ્ય જુલૂષ નીકાળવામાં આવ્યું હતું જેમાં મોટા પ્રમાણ માં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા અને ઈદ એ મિલાદુન નબ્બી પર્વ ની ખુઅબજ ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી. પેગંબર હજરત મોહમ્મદ સાહેબના જન્મની ખુશીમાં ઉજવાતું ઈસ્લામિક તહેવાર એટલે કે ઇદ-એ-મિલાદ-ઉન-નબી આ દિવસને લઈને મુસ્લિમ સમાજમાં અલગ-અલગ અભિપ્રાય છે. આ દિવસે આખી રાત પ્રાર્થનાપ ચાલે છે. પેગંબર મોહમ્મદના પ્રતીકાત્મક પગલાઓના નિશાન પર પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસે મોટા-મોટા રેલી પણ હોય છે. આ દિવસ પેગંબર મોહમ્મ્દ હજરત સાહેબને વંચાય છે અને તેમને યાદ કરાય છે.

## અપહરણ, દુષ્કર્મ અને એટ્રોસીટીના ગુનામાં નાસતા ફરતા ત્રણ શખ્સો સુરતથી પકડાયા

હિંમતનગર, તા. ૨૧

બે વર્ષ અગાઉ હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટીના કેસમાં નોંધાયેલી ફરીયાદ બાદ છેલ્લા બે વર્ષથી એક મહીલા અને બે પુરૂષો નાસતા ફરતા હતા. જેમને એલસીબીએ બાતમીના આધારે થોડા દિવસ અગાઉ સુરતથી ઝડપી લઈ મંગળવારે હિંમતનગર લવાયા હતા અને તેમની વધુ પુછપરછ માટે એસ સી એસ ટી સેલના તપાસ અધિકારીને હવાલે કરાયા હતા. એક્ટ્રોસીટી એક્ટના ભંગ બદલ વાસુભાઈ ઈશ્વરભાઈ પટેલ, ગીતાબેન વાસુભાઈ પટેલ અને હિતેશ વાસુભાઈ પટેલ (ત્રણેય રહે. વડુ, તા. વિસનગર) વિરૂદ્ધ નોંધાયેલી ફરીયાદ બાદ આ ત્રણેય પોલીસને થાપ આપી નાસતા ફરતા હતા.





### ડીસામાં હોમગાર્ડની ભરતી માટે પણ ઉમેદવારોનો રાફડો

બનાસકાંઠાના ડીસા ખાતે ગતરોજ હોમગાર્ડ જવાનોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી.જેમાં મોટી સંખ્યામાં ઉચ્ચ શિક્ષિત બેરોજગારો ઉમટી પડ્યા હતા. ડીસા એરપોર્ટ પર યોજાયેલી આ ભરતી પ્રક્રિયામાં ડીસા તાલુકાનાં લગભગ બે હજાર કરતાં પણ વધુ યુવાનોએ ભાગ લીધો હતો.રાજ્યમાં સુરક્ષાની દ્રષ્ટિએ પોલીસને સૌથી વધુ મદદરૂપ થતાં હોમગાર્ડ જવાનો માનદ વેતનમાં જ દિવસ- રાત અને તડકા-છાયડાની પરવા કર્યા વગર ફરજ પર તૈનાત રહી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવતા હોય છે.. ત્યારે ડીસામાં હોમગાર્ડ ભરતી મેળામાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા યુવકોને જોઈ વર્તમાન સમયમાં બેરોજગારીનો ગ્રાફ કેટલો ઉચકાઈ ગયો છે તેનો અંદાજ પણ આવ્યો હતો. માત્ર ૩૫ જવાનોની ભરતી માટે યોજાયેલા આ ભરતી મેળામાં બે હજાર કરતાં પણ વધુ યુવાનો ઉમટી પડ્યા હતા. આ ભરતી મેળામાં હોમગાર્ડની નોકરી માટે માસ્ટર ડિગ્રી ધરાવતા અરજદારોની હાજરીએ પણ અચરજ સર્જ્યું હતું. ડીસા એરપોર્ટ પર યોજાયેલ આ ભરતી મેળામાં ભાગ લેવા આવેલા યુવાનોની શારીરિક કસોટી માટે દોડનું આયોજન કરાયું હતું. આ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારો માટે ક્વોલિફિકેશન માત્ર સાત પાસનું જ હતું. તેમ છતાં ગ્રેજ્યુએટ, ડબલ ગ્રેજ્યુએટ અને બી.એડ. કરેલા ઉમેદવારો પણ આ પ્રક્રિયામાં જોડાયા હતા. બનાસકાંઠા જિલ્લામાં હોમગાર્ડ ભરતી માટે પાલનપુર અને કાંકરેજ બાદ આજે ડીસામાં હોમગાર્ડ ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી.આ ભરતી પ્રક્રિયાનું સંચાલન કરી રહેલા કે.ડી.ઝાલાના જણાવ્યાનુસાર આ ભરતી મેળામાં ૧૫૦૦ જેટલા યુવકો ઉમટ્યા છે. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે બનાસકાંઠા જીલ્લામાં કુલ ૧૩૮ હોમગાર્ડ જવાનોની ભરતી માટે અરજદારોના ઈન્ટરવ્યુ અને શારીરિક કસોટી ચાલી રહી છે. આ ભરતી માત્ર પાલનપુર, ડીસા અને કાંકરેજ એમ ત્રણ તાલુકા પૂરતી જ રખાઈ છે.